# છોરું કછોરું થાય તો
# શું માવતરથી કમાવતર ન થવાય... ??

છોરું કછોરું થાય તો માવતર કમાવતર કેમ ન થાય? આ કહેવતનો અર્થ માત્ર એટલો નથી કરવાનો કે માતા-પિતા સંતાનને માફ કરે પરંતુ તેનો અર્થ સમયાનુસાર સમજવાનો છે. જો સંતાન પોતાની ફરજ ભૂલી જાય, સંસ્કાર છોડે, પોતાનાં જ માતા-પિતાનું અપમાન કરે, તેમને ધુત્કારે, મારપીટ કરે કે વૃધ્ધાશ્રમમાં મૂકી દે, તેમની માલ-મિલકત હડપ કરી લે, તો શું માતા-પિતાએ માત્ર 'મારું સંતાન છે' કહીને બધું સહન જ કરવું ? કે પછી સમય આવે ત્યારે કડક નિર્ણય પણ લેવો જોઈએ?

અહીં માતા-પિતાની ભૂમિકા સમજવી જરૂરી છે. માતા-પિતા માટે સંતાન પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ અને માર્ગદર્શન આપવાની ફરજ પ્રથમ છે. તેઓ સંતાનને સમજાવે, સંસ્કાર આપે અને ભૂલ થાય ત્યારે સુધારવાનો પ્રયાસ કરે પરંતુ જ્યારે વારંવાર સમજાવ્યા પછી કે કોઈની ખોટી ચઢામણી, સોબતથી સંતાન ખોટા માર્ગે જ રહે ત્યારે માતા-પિતાએ મર્યાદિત કડકાઈ દાખવવી પણ જરૂરી બને છે. આ કડકાઈ દંડ માટે નહીં પરંતુ સંતાનના હિત માટે હોય છે.

### કેસ - 1

૨૦ વર્ષની તન્વી પોતાની વિધવા માતાની એકમાત્ર દીકરી હતી. લગ્ન પછી સાસરિયાના સતત દબાણ અને સમજાવટ વચ્ચે તેણે માતાને વિશ્વાસમાં લઈ તેમની એકમાત્ર મિલક્ત પોતાના અને પતિના નામે કરાવી લીધી. માતાને લાગ્યું કે દીકરી જ પોતાનું સર્વસ્વ છે પરંતુ થોડા જ મહિનામાં પરિસ્થિતિ બદલાઈ ગઈ. ધીમે ધીમે માતાને ઘરમાં પરાયાની જેમ વર્તવામાં આવવા લાગ્યું અને અંતે તેને ઘર છોડવા મજબૂર કરવામાં આવ્યાં. આશરો ન મળતાં તેઓ વૃધ્ધાશ્રમમાં પહોંચ્યાં. જ્યાં સંસ્થાએ તેમની સમગ્ર વાત સાંભળી અને તેમને સમજાવ્યું કે આ માત્ર લાગણીનો પ્રશ્ન નથી પરંતુ તેમના કાનૂની હક્કનો પણ પ્રશ્ન છે. શરૂઆતમાં માતા એક જ વાત કહેતાં - ''હું મારી દીકરી સામે પોલીસમાં ફરિયાદ કેવી રીતે કરું? જે કર્યું છે, તેનું ફળ ભોગવશે'' પરંતુ સંસ્થાએ તેમને સમજાવ્યું કે અન્યાય સહન કરવો પણ અન્યાયને બળ આપવાનું કામ છે. અંતે, માતા કોર્ટની મદદથી પોતાની મિલક્ત ફરી પોતાના નામે મેળવવામાં સફળ રહ્યાં. આ ઘટના આપણને શીખવે છે - ક્યારેક માતા-પિતાએ પણ સંતાનોના 'કાન આમળવા' પડે છે - બદલો લેવા માટે નહીં પરંતુ તેમને પોતાની ભૂલનો અહેસાસ કરાવવા અને ન્યાયને જીવંત રાખવા માટે.

### કેસ-૨

એક સમૃધ્ધ અને પ્રતિષ્ઠિત દંપતીનો એકમાત્ર દીકરો ખોટી સોબતમાં ચડી ગયો. ડ્રગ્સ, જુગાર અને બેફામ ખર્ચે તેને દેવાના ગાળામાં ધકેલી દીધો. શરૂઆતમાં તે માતા-પિતાની લાગણીઓનો સહારો લઈને પૈસા માંગતો. પછી ભાવનાત્મક દબાણ ધમકીમાં બદલાયું અને અંતે વાત મારપીટ સુધી પહોંચી. પોતાનાં જ માતા-પિતાને ડરાવી-ધમકાવીને પૈસા પડાવવા એના માટે રોજની વાત બની ગઈ. માતા-પિતાને આશા હતી - લગ્ન પછી દીકરો જવાબદાર બનશે પરંતુ બન્યું તેનાથી વિપરીત. પુત્ર અને પુત્રવધૂ બંનેએ મળીને વૃદ્ધ માતા-પિતાને વધુ ત્રાસ આપવાનું શરૂ કર્યું. દબાણ કરીને મિલકતના દસ્તાવેજો પર સહી કરાવવી, બેંકની ફિક્સ ડિપોઝીટ તોડાવવી, સંપત્તિ પોતાના નામે કરાવવી અને સતત માનસિક તથા શારીરિક અત્યાચાર - આ બધું ધીમે ધીમે તેમના જીવનનો ભાગ બની ગયું. અંતે તેમણે માતા-પિતાને ઘરમાંથી બહાર કાઢી મૂક્યાં.

જ્યારે પરિવારજનો અને નજીકના મિત્રોને આની જાણ થઈ ત્યારે તેમણે વૃદ્ધ દંપતીને સમજાવ્યું કે સંતાન પ્રત્યેનો પ્રેમ પવિત્ર છે પરંતુ અન્યાયને સહન કરવો એ પ્રેમ નથી. લાંબી સમજાવટ પછી માતા-પિતાએ કાયદાનો આશરો લીધો. કોર્ટની પ્રક્રિયા બાદ તેઓ મિલક્ત અને ઘર પાછું મેળવવામાં સફળ રહ્યાં. સાથે જ પોતાનાં પુત્ર અને વહુને ઘરમાંથી દૂર કરવાનો કઠોર નિર્ણય લેવો પડ્યો. એ નિર્ણય બદલાની ભાવનાથી નહીં પરંતુ પોતાના જીવન, સ્વાભિમાન અને ન્યાયની રક્ષા માટે લેવાયો.

આ જ સિદ્ધાંત સમાજ અને રાષ્ટ્ર જીવનમાં પણ લાગુ પડે છે. તેથી આ સંદર્ભમાં એક બીજી ચિંતાજનક બાબત પર પણ વિચારણાની જરૂર છે. જ્યારે કોઈ પણ આંદોલન કે વિરોધમાં યુવાનો પૂરતી માહિતી, તથ્યો અને પરિણામોની સમજ વિના માત્ર લાગણીઓ, ઉશ્કેરણી અથવા ટોળાની અસર હેઠળ જોડાઈ જાય છે ત્યારે તેઓ અનાયાસે એવા લોકોના હાથમાં સાધન બની શકે છે, જેઓનો હેતુ મૂળ મુદ્દાનો ઉકેલ નહીં પરંતુ અશાંતિ ફેલાવવાનો, રાજકીય લાભ મેળવવાનો અથવા પોતાની સ્વાર્થપૂર્ણ માનસિકતાને સંતોષવાનો હોય. પરિસ્થિતિમાં સૌથી મોટું નુકસાન એ યુવાનોનું જ થાય છે, જેઓ સારા ઈરાદાથી જોડાયા હોય પરંતુ પરિસ્થિતિ બગડતાં કાયદાકીય કાર્યવાહી, હિંસા કે અથડામણના ભોગ બની જાય છે. એટલે દરેક યુવાને કોઈ પણ આંદોલન કે વિરોધમાં જોડાતાં પહેલાં એનો હેતુ, નેતૃત્વ, પદ્ધતિ અને પરિણામો વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ. લોકશાહીનો અર્થ માત્ર વિરોધ કરવાનો અધિકાર નથી પરંતુ જાગૃત, જવાબદાર અને તથ્ય આધારિત રીતે પોતાના મતને વ્યક્ત કરવાની સંસ્કૃતિ પણ છે.

**સમાજ, પરિવાર, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓની પણ એટલી જ જવાબદારી છે - તેઓ યુવાનોમાં વિચારશક્તિ, તથ્યોની ચકાસણી કરવાની ટેવ અને રાષ્ટ્રહિતને વ્યક્તિગત કે રાજકીય હિતથી ઉપર રાખવાની સમજ વિકસાવે કારણ કે જાગૃત યુવા કોઈના હાથનું સાધન બનતો નથી, તે પોતાનો વિચાર કરીને, જવાબદારીપૂર્વક નિર્ણય લેતો નાગરિક બને છે.**

આ લેખમાં આપેલ કેસ નં. ૧ અને ૨ માં એક વાત ખૂબ સ્પષ્ટ રીતે સામે આવે છે. બંને સંતાનો જન્મજાત ખરાબ નહોતાં. પ્રથમ કેસમાં ૨૦ વર્ષીય તન્વી સાસરિયાનાં દબાણ અને અપરિપક્વ નિર્ણયોના કારણે પોતાની જ વિધવા માતા સામે ઊભી રહી. બીજા કેસમાં યુવાન દીકરો કુસંગ, ડ્રગ્સ, જુગાર અને ખોટી સોબતના પ્રભાવ હેઠળ ધીમે ધીમે પોતાનાં જ માતા-પિતા માટે અત્યાચારનું કારણ બની ગયો. બંને કિસ્સાઓમાં એક વાત સમાન હતી- નાજુક ઉંમરમાં ખોટા માર્ગદર્શન અને ખોટી અસરનો ભોગ બનવું. આ જ કારણ છે કે સોળથી પચીસ વર્ષની ઉંમર જીવનનો સૌથી નિર્ણાયક તબક્કો કહેવાય. આ ઉંમરમાં ઉત્સાહ ઘણો હોય છે પરંતુ અનુભવ ઓછો હોય છે; ભાવનાઓ પ્રબળ હોય છે પરંતુ નિર્ણાયક શક્તિ પરિપક્વ થવાની પ્રક્રિયામાં હોય છે એટલે આ ઉંમરને માત્ર સ્વતંત્રતા નહીં પરંતુ સંસ્કાર અને માર્ગદર્શનની સૌથી વધુ જરૂર હોય છે. યુવાનોને માત્ર પરીક્ષામાં સફળ થવાનું નહીં પરંતુ સમજથી જીવનમાં સાચું-ખોટું પારખવાની ક્ષમતા, સંસ્કાર, વડીલોનો આદર, કાયદાનું પાલન, રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અને પોતાના નિર્ણયોની જવાબદારી સ્વીકારવાની તાલીમ આપવી જરૂરી છે.

તેથી જ્યારે યુવા ભટકી જાય ત્યારે પ્રથમ પ્રયાસ તેને સમજાવવાનો, સંવાદ કરવાનો અને સાચી દિશા બતાવવાનો હોવો જોઈએ પરંતુ જો સમજાવ્યા છતાં તે પોતાના કે બીજાના જીવનને નુકસાન પહોંચાડે, કાયદાનો ભંગ કરે અથવા માતા-પિતા અને સમાજ પર અત્યાચાર કરે, ત્યારે સમયસર અને કાયદેસર હસ્તક્ષેપ એટલો જ જરૂરી બની જાય છે કારણ કે શિસ્તનો હેતુ વ્યક્તિને તોડી નાખવાનો નથી પરંતુ તેને ફરી સાચા માર્ગે લાવવાનો છે. આપણે યુવાનોને ગુમાવવાના નથી, તેમને ઘડવાના છે. આજના યુવાનો આવતીકાલનાં માતા-પિતા, શિક્ષકો, નેતાઓ અને રાષ્ટ્રના કર્ણધાર બનવાના છે. આ ઉંમરમાં તેમને સાચું માર્ગદર્શન, સંસ્કાર અને જવાબદારીનું ભાન મળશે તો તેઓ માત્ર પોતાનું જીવન જ નહીં પરંતુ સમગ્ર સમાજનું ભવિષ્ય પણ ઉજ્જવળ બનાવશે.

-Instagram@gita.shroff




**દરેક યુવાને કોઈ પણ આંદોલન કે વિરોધમાં જોડાતાં પહેલાં એનો હેતુ, નેતૃત્વ, પદ્ધતિ અને પરિણામો વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ. લોકશાહીનો અર્થ માત્ર વિરોધ કરવાનો અધિકાર નથી પરંતુ જાગૃત, જવાબદાર અને તથ્ય આધારિત રીતે પોતાના મતને વ્યક્ત કરવાની સંસ્કૃતિ પણ છે**

